R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2012-14. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2012-14 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૩૫ ● તા. ૨૫મી ડિસેમ્બર, ૨૦૧૩ ● અંક નં. ૪૫

# ગુજરાત રોજગાર સમાચાર

તંત્રી : ભાગ્યેશ જહા

સંપાદક : અરવિંદ આર. પટેલ, પુલક ત્રિવેદી  કાર્યવાહક સંપાદક : કે. એ. કરમટા  સહસંપાદક : અરવિંદ મછાર, પ્રવિણ સોનારીયા

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ **રૂા. ૩૦/-** છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.

વેબ સાઇટ : www.gujaratinformation.net  www.facebook.com/gujaratinformation.official  Phone No. : 079-232-53440

# ભારતીય હવાઇ દળ

## પુરૂષ/મહિલા ઉમેદવારો માટે ફ્લાઈંગ, ટેકનીકલ, ગ્રાઉન્ડ ડ્યુટી બ્રાંચમાં કમિશન કોર્સ

**ઓન લાઈનઅરજીની છેલ્લી તારીખ : ૧૨-૦૧-૨૦૧૪**

❑ **પુરૂષો માટેના કોર્સ** - (જાન્યુઆરી - ૨૦૧૫ માટે)

♦ **ફ્લાઈંગ બ્રાંચ** - ૧૫મો શોર્ટ સર્વિસ કમિશન કોર્સ

♦ **ટેકનીકલ બ્રાંચ** - ૮૬ મો એરોનોટિકલ એન્જિનિયર કોર્સ (પરમેનન્ટ કમિશન)
- ૫૮મો શોર્ટ સર્વિસ કમિશન કોર્સ

♦ **ગ્રાઉન્ડ ડ્યુટી બ્રાંચ :** ૧૩૭મો ગ્રાઉન્ડ ડ્યુટી ઓફિસર્સ કોર્સ (પરમેનન્ટ કમિશન) ૩૦મો શોર્ટ સર્વિસ કમિશન કોર્સ.

❑ **મહિલાઓ માટેના કોર્સ :** (જાન્યુઆરી - ૨૦૧૫ માટે)

♦ **ફ્લાઈંગ બ્રાંચ** - ૪૪મો શોર્ટ સર્વિસ કમિશન કોર્સ

♦ **ટેકનીકલ બ્રાંચ** - ૫૮મો શોર્ટ સર્વિસ કમિશન કોર્સ

♦ **ગ્રાઉન્ડ ડ્યુટી બ્રાંચ** - ૪૬મો શોર્ટ સર્વિસ કમિશન કોર્સ

❑ **યોગ્યતાનું ધોરણ :**

♦ **ફ્લાઈંગ બ્રાંચ :** વયમર્યાદા : તા. ૧-૧-૨૦૧૫ના રોજ ૧૯ થી ૨૩ વર્ષ. એટલે કે ઉમેદવાર તા. ૨-૧-૧૯૯૨પહેલાં અને તા. ૧-૧-૧૯૯૬ (બન્ને દિવસો સહિત) વચ્ચે જન્મેલા હોવા જોઈએ.

♦ DGCA ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ કાયદેસરનું અને ચાલુ કોમર્શીયલ પાયલોટ લાયસન્સ ધરાવનાર ઉમેદવારને ઉપલી વયમાં બે વર્ષની છૂટ મળી શકશે.

♦ **શૈક્ષણિક લાયકાત :** માન્ય યુનિ. માંથી કોઈપણ શાખામાં ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ સાથે સ્નાતક (ત્રણ વર્ષનો ડિગ્રી કોર્સ) થયેલા હોય અને ૧૦+૨ કક્ષાએ મેથ્સ. અને ફિઝિક્સ વિષય હોવા જોઈએ અથવા ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ સાથે બી.ઈ./બી. ટેક. (ચાર વર્ષનો કોર્સ) થયેલા હોવા જોઈએ.

♦ **શારીરિક ધોરણ :** પુરૂષો/મહિલાઓ માટે : ઓછામાં ઓછી ૧૬૨.૫ સે.મી. ઊંચાઈ તથા સપ્રમાણ વજન. પગની લંબાઈ ઓછામાં ઓછી ૯૯ સે.મી. અને વધુમાં વધુ ૧૨૦ સે.મી. હોવી જોઈએ. જાંગની લંબાઇ વધુમાં વધુ ૬૪ સે.મી., બેઠેલી સ્થિતિમાં લંબાઇ લઘુત્તમ ૮૧.૫ સે.મી. તથા વધુમાં વધુ ૯૬ સે.મી. હોવી જોઇએ.

❑ **દૃષ્ટિનું ધોરણ :**

♦ **Vision:** (a) Minimum Visual Acuity 6/6 in one eye and 6/9 in other, correctable to 6/6 only for hypermetropia. (b) Manifest Myopia - Nil. (c) LASIK Surgery for correction of vision is admissible in Transport and Helicopter, streams of Short Service Commission (Frying Branch) if the following conditions are fulfilled at the time of Air Force mecHcar examination:- (i) LASIK Surgery should not have been carried out before the age of 20 years. (ii) The axial length of the eye should not be more than 25.5 mm as measured by IOL master, (iii) At least twelve months should have lapsed post uncomplicate stable LASIK. No history or evidence of any complication, (iv) The post LASIK corneal thickness as measured by a corneal pachymeter should not be less than 450 microns, (v) Individuals with high refractive errors (>6D) prior to LASIK are to be excluded. Candidates must not suffer from colour or night blindness.

♦ All other medical criteria would be evaluated by the Air Force Medical Authorities whose xtecisionon the fitness would be final.

♦ જે ઉમેદવારો અગાઉના પ્રયાસમાં પાયલોટ એપ્ટિટ્યૂડ બેટરી ટેસ્ટ માં નિષ્ફળ ગયા હોય અથવા એરફોર્સ એકેડેમીની ફ્લાઈંગ ટ્રેઈનીંગમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હોય તેવા ફ્લાઈટ કેડેટ અરજી કરવા પાત્ર નથી.

♦ **ટેકનીકલ બ્રાંચ :** વયમર્યાદા : ૧-૧-૨૦૧૫ના રોજ ૧૮ થી ૨૮ વર્ષ. એટલે કે, ઉમેદવાર તા. ૨-૧-૧૯૮૭ પહેલા અને તા. ૧-૧-૧૯૯૭ બાદ (બંને દિવસો સહિત) જન્મેલા ન હોવા જોઈએ.

♦ **શૈક્ષણિક લાયકાત :**

♦ **Aeronautical Engineer (Electronics)** (AE (L). Candidates applying forAE(L) branch would be eligible if they have undergone a minimum of four year degree qualification from a recognised university or cleared section A and B examination of Associate Membership of Institution of Engineers (India) or Aeronautical Society of India or Graduate membership examination of the Institute of Electronics and Telecommunication Engineers by actual studies. All candidates should have studied at least eight subjects out of the eighteen subjects listed below In their qualifying exam:- with minimum 60% marks in aggeegate.

(L1) Physics / Engineering Physics (L2) Mathematics /Engineering Mathematics (L3) Engineering Graphics / Engineering Drawing (L4) Electrical Engineering / Electrical Technology (L5) Control Engineering (L6) Microprocessors (L7) Digital Electronics / Basic Electronics (L8) Computer Networks (L9) Information Technology (L10) Network Theory Design (L11) Telecommunication Systems (L12) Electronic Circuit Design (L13) Radar Theory (L14) Switching Theory (L15) Instrumentation (LI6) Microwave Engineering (L17) Antenna and Wave Propagation (L18) Electronic Devices.

♦ **Aeronautical Engineer (Mechanical) (AE (M).** Candidates applying for AE (M) branch would be eligible if they have undergone a minimum of four year degree qualification from a recognisecl university or cleared section A and B examination of Associate Membership of Institution of. Engineers (India) or Aeronautical Society of Indja by actual studies. **All candidates should have studied at least eight subjects out of the eighteen subjects listed below in their qualifying exam:-** with minimum 60% marks in aggregate (M1) Physics / Engineering Physics (M2) Engineering Maths / Mathematics (M3) Engineering Drawing / Graphics (M4) Automotive Engineering / Plant Engineering / Industrial Engineering (M5) Engineering Mechanics / Strength of Material (M6) Aerodynamics (M7) Thermodynamics and Applications / Heat Power Engineering (M8) Heat and Mass Transfer (M9) Theory of Machines (Kinematics and Dynamics of Machinery) (M10) Fluid Mechanics / Turbo Machines <M11) Flight Mechanics (M12) Machine Drawing / Machine Design (M13) Mechatronics (M14) Material Science / Metallurgy (M15) Vibrations (M16) • Workshop Technology / Manufacturing Technology / Production Engineering (M17) Hydraulics and Pneumatics (M18) Aircraft Structures.

♦ **શારીરિક ધોરણ :** પુરૂષો માટે : ઊંચાઈ- ઓછામાં ઓછી ૧૫૭.૫ સે.મી. તથા સપ્રમાણ વજન. મહિલાઓ માટે : ઊંચાઈ ૧૫૨ સે.મી. તથા સપ્રમાણ વજન

♦ અન્ય તમામ તબીબી માપદંડની ચકાસણી એરફોર્સ મેડિકલ ઓથોરીટી ધ્વારા થશે. જેઓનો ફીટનેસ સંબંધી નિર્ણય આખરી ગણાશે.

♦ **શારીરિક ધોરણ : (ગ્રાઉન્ડ ડ્યૂટી બ્રાન્ચ માટે)** પુરૂષો માટે : ઊંચાઈ- ઓછામાં ઓછી ૧૫૭.૫ સે.મી. તથા સપ્રમાણ વજન. મહિલાઓ માટે : ઓછામાં ઓછી ઊંચાઈ ૧૫૨ સે.મી. તથા સપ્રમાણ વજન.

♦ અન્ય તમામ તબીબી માપદંડની ચકાસણી એરફોર્સ મેડિકલ ઓથોરીટી ધ્વારા થશે. જેઓનો ફીટનેસ સંબંધી નિર્ણય આખરી ગણાશે.

♦ **ગ્રાઉન્ડ ડ્યૂટી બ્રાન્ચ :**

(a) **Age :** (As on 01 Jan. 2015)

| | Age Limit | Born between |
|---|---|---|
| For Graduates | 20 to 23 Years | 02 Jan 1992 to 01 Jan 1995 |
| For Post Graduates / L LB( Five years integrated course). | 20 to 25 Years | 02 Jan 1990 to 01 Jan 1995 |
| For LLB (Three years course after Graduation). | 20 to 26 Years | 02 Jan1989 to 01 Jan1995 |
| For MEd/PhD/CA/ICWA | 20 to 27 Years | 02 Jan1988 to 01 Jan 1995 |

(b) **Educational Qualifications**

| Branch | Qualification |
|---|---|
| Administration & Logistics | Graduate Degree in any discipline with a minimum of 60% marks in aggregate of all I papers put together or a Post Graduate Degree / equivalent Diploma in any discipline with a minimum of 50% marks in aggregate of all papers put together. |
| Accounts | Graduate degree in commerce (B Com) with a minimum of 60% marks in aggregate of all papers put together or Post Graduate Decree in commerce (M Com) / CA /ICWA \with a minimum of 50% marKsIn aggregate of all papers put together. |
| Education | Post Graduate Degree in any discipline with a minimum of 50% marks in aggregate of all papers put together. |

➔

*(અનુસંધાન પાન નંબર ૩ ઉપરનુ ચાલુ)*

**SYLLABUS FOR GROUP 'Y' TRADES**

**SYLLABUS FOR GROUP 'Y' TRADES**

| SlNo | Syllabus for English | Sl No | Syllabus for Reasoning and General Awareness |
|---|---|---|---|
| 1. | **COMPREHENSION** | 1. | **REASONING (VERBAL AND** NON-**VERBAL)** |
| | A small passage followed by questions | | Numerical Series |
| | (a) To judge comprehension | | Distance And Direction Sense Test |
| | (b) Drawing of inferences | | Mathematical Operation (Assigning Value to Arithmetic Sign) |
| | (c) Use of vocabulary | | Number Ranking & Time Sequence Test |
| 2. | **COMPOSITION** | | Assign Artificial Values to Mathematical Digit |
| | Agreement of subject with verb | | Inserting Correct Mathematical Sign |
| | Patterns of verb and their use | | Human Relation |
| | Sequence of tenses | | Coding and Decoding |
| | Transformation of sentences - Compound, Complex, Simple, Negative, Affirmative | | Odd Man Out |
| 3. | **GRAMMAR** | | Mutual Relation Problem |
| | Spellings | | Tallest Youngest Relation |
| | Word Formation | | Dictionary Words |
| | Antonyms and Synonyms | | Analogy |
| | One word substitution | | Non Verbal Reasoning |
| | Correct usage of articles | | Number Coding |
| | Correct usage of prepositions | | Number Puzzle |
| | Correct usage of adjectives - degrees of comparison | 2. | **MATHEMATICS** |
| | Correct usage of Conjunctions | | Ratio and Proportion |
| | Correct usage of Nouns and Pronouns | | Average |
| | Correct usage of numbers (Singular-Plural) | | LCM, HCF |
| | Words **which** are commonly getting confused | | Profit and Loss |
| | Word order | | Time, Distance and Speed |
| | Correct usage of Adverbs | | Percentage |
| 4. | **IDIOMS AND PHRASES** | | Simplification of Numbers |
| | Use of simple idioms | | Fractions |
| | Use of common proverbs | | Area of Triangle, Square and Rectangle |
| 5. | **DIRECT/INDIRECT SENTENCES; NARRATION CHANGE** | | Surface area and Volume of Cuboids, Cylinder, Cone and Sphere |
| | Change of various types of sentences from direct to indirect form | | Probability |
| | Change of various types of sentences from indirect to direct form | | Simple Trigonometry |
| 6. | **ACTIVE AND PASSIVE VOICES** | 3. | **GK AND CA** |
| | Change of all types of sentences from active to passive form | | General Science |
| | Change of all types of sentences from passive to active form | | Civics |
| | | | Geography |
| | | | Current Events |
| | | | History |
| | | | Basic Computer Operation |
| | | | |

●

➔

- જે ઉમેદવારો અંતિમ વર્ષ/સેમેસ્ટરની પરીક્ષામાં બેઠાં હોય તેઓ જાન્યુઆરી-૨૦૧૫થી પ્રારંભ થતાં કોર્સ માટે અરજી કરી શકે છે. તે માટે તેઓએ નીચેની શરતોનું પાલન કરવું પડશે.
- AFSB ટેસ્ટીંગ વખતે કોઈ ચાલુ બેકલોગ હોવો ન જોઈએ.
- ઉમેદવાર તા.૧૫-૧૨-૨૦૧૪ સુધીમાં કામચલાઉ/અસલ ડિગ્રી પ્રમાણપત્ર રજૂ કરી શકવા જોઈએ.

❑ **કમિશનનો પ્રકાર :**

- **પરમેનન્ટ કમિશન :** પરમેનન્ટ કમિશન તરીકે જોડાનાર ઉમેદવાર વય નિવૃત્તિ સુધી સેવારત રહી શકે છે.
- **શોર્ટ સર્વિસ કમિશન :** શોર્ટ સર્વિસ કમિશન (ફલાઈંગ બ્રાંચ) ૧૪ વર્ષ સુધીનું ગણાશે. ટેકનીકલ અને ગ્રાઉન્ડ ડ્યુટી બ્રાંચ માટે શોર્ટ સર્વિસ કમિશન દસ વર્ષ માટે રહેશે. તેમાં વધુ ચાર વર્ષનો વધારો શરતોને આધિન થઈ શકશે.

❑ **પસંદગી પ્રક્રિયા :** મળેલી અરજીઓને આધારે યોગ્યતા ધરાવતા ઉમેદવારોને એરફોર્સ કોમન એડમિશન ટેસ્ટ (AFCAT) માટે બોલાવવામાં આવશે. AFCAT તા. ૨૩-૨-૨૦૧૪ને રવિવારે દેશભરમાં નિર્ધારીત પરીક્ષા કેન્દ્રો ઉપર લેવાશે.

- એન્ટ્રન્સ ટેસ્ટ બે કલાકની રહેશે. તેમાં વર્બલ એબીલીટી, ન્યુમેરિકલ એબીલીટી, રીઝનીંગ, જનરલ અવેરનેસ અને મીલીટરી એપ્ટિટ્યૂડને લગતાં બહુ વિકલ્પ આધારીત પ્રશ્નો પૂછવામાં આવશે.
- એન્ટ્રન્સ ટેસ્ટને આધારે તારવવામાં આવેલા સફળ ઉમેદવારોની યાદી એરફોર્સ કેરીયર વેબસાઈટ **www.careerairforce.nic.in** ઉપર મૂકવામાં આવશે.
- એરફોર્સ એડમિશન ટેસ્ટને આધારે તારવવામાં આવેલા ઉમેદવારોને વધુ કસોટી માટે દહેરાદૂન, મૈસુર, ગાંધીનગર અથવા વારાણસી ખાતે આવેલા એરફોર્સ સિલેકશન બોર્ડસ પૈકી કોઈ એક બોર્ડ ખાતે બોલાવવામાં આવશે. અહીં ત્રણ તબક્કામાં ટેસ્ટીંગ થશે.
- **તબક્કો-૧ :** પ્રથમ તબક્કામાં પ્રથમ દિવસે ઈન્ટેલિજન્સ ટેસ્ટ, ચિત્ર સંકેત અને ડિસ્કશન ટેસ્ટ (PP & DT) યોજાશે. આ ટેસ્ટ સ્ક્રીનીંગ પ્રકારની છે. તેમાં સફળ થયેલી ઉમેદવાર જ ત્યારપછીની કસોટીઓમાં ભાગ લઈ શકશે.
- પ્રથમ તબક્કામાં સફળ થયેલા ઉમેદવારોએ ત્યાર બાદ સંપૂર્ણ વિગતો સાથેનું અરજી ફોર્મ ભરવાનું રહેશે. પ્રથમ તબક્કામાં નિષ્ફળ જનાર ઉમેદવારોને પ્રથમ દિવસે જ પરત રવાના કરવામાં આવશે.
- **તબક્કો-૨ :** બીજા તબક્કામાં ચાર દિવસના સમયગાળામાં ક્રમાનુસાર સાયકોલોજીકલ ટેસ્ટ, ગ્રુપ ટેસ્ટ અને ઈન્ટરવ્યૂ યોજાશે.
- બીજા તબક્કાની કસોટીઓમાં સફળ થયેલા ઉમેદવારોની તેઓએ પસંદ કરેલી બ્રાંચ મુજબ તેઓની યોગ્યતા ચકાસવા કસોટી લેવામાં આવશે. જેમાં ફ્લાઈંગ બ્રાંચ માટે પાયલોટ એપ્ટિટ્યૂડ બેટરી ટેસ્ટ (PABT), યોજાશે.
- એરફોર્સ સિલેકશન બોર્ડસ ધ્વારા ભલામણ કરવામાં આવેલા ઉમેદવારોનું AFCME- નવી દિલ્હી અથવા IAM- બેંગાલુરુ ખાતે તબીબી પરિક્ષણ કરવામાં આવશે.
- AFSB ધ્વારા ભલામણ કરવામાં આવેલા અને મેડિકલી ફીટ જાહેર થયેલા ઉમેદવારોને મેરિટ મુજબ અને જગ્યાઓની ઉપલબ્ધતાને આધારે તાલીમ માટે મોકલવામાં આવશે.
- પસંદગી પ્રક્રિયા દરમ્યાન ઉમેદવારને ઈજા/નુકશાન પહોંચવા બદલ કોઈ વળતર ચૂકવવામાં નહીં આવે.
- NCC એરવીંગનું 'C' પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવારો માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત રહેશે.
- યોગ્યતા ધરાવતા ઉમેદવારોએ એરફોર્સની વેબસાઈટ **www.careerairforce.nic.in** ઉપરથી તા. **૧૨-૧-૨૦૧૪** સુધીમાં ઓન લાઇન અરજી કરવાની છે.
- **પરીક્ષા કેન્દ્રો :** વડોદરા, અમદાવાદ, જામનગર, મુંબઈ, પુણે, જોધપુર, માઉન્ટ આબુ વગેરે.
- **પૂછ પરછ માટે ફોન નંબર :**
- **ફોન નં. :** 011-26160286, 26160289, 26160459
- એડમિશન ટેસ્ટ સંબંધી કોઈપણ પ્રશ્ન/સમસ્યા માટે સંબંધિત AFCAT Cell નો સવારે ૯-૦૦ થી રાત્રીના ૮-૦૦ (સોમથી શુક્ર) દરમ્યાન સંપર્ક થઈ શકે છે.
- એર વોરીયર્સ અને અન્ય સરકારી કર્મચારીઓએ તેઓની અરજી યોગ્ય રાહે મોકલવી.

❑ **તાલીમ :** તાલીમનો પ્રારંભ જાન્યુઆરી-૨૦૧૫ના પ્રથમ સપ્તાહમાં થશે.

- ફલાઈંગ અને ટેકનીકલ બ્રાંચ માટે તાલીમનો ગાળો ૭૪ સપ્તાહનો અને ગ્રાઉન્ડ ડ્યુટી બ્રાંચ માટે ૫૨ સપ્તાહનો રહેશે.

❑ **પગાર ભથ્થાં / સવલતો :** ફ્લાઈંગ ઓફિસરને રૂા. ૧૫,૬૦૦-૩૯,૧૦૦નું પગાર ધોરણ તદ્ઉપરાંત ગ્રેડ પે, મોંઘવારી ભથ્થું, મીલીટરી સર્વિસ પે, કીટ મેન્ટેનન્સ એલાઉન્સ, ટ્રાન્સપોર્ટ એલાઉન્સ તેમ જ અન્ય ભથ્થા મળી શકશે.

- અન્ય લાભો જેવા કે, સુવિધાજનક આવાસ, સ્વયં અને કુટુંબના સભ્યો માટે સર્વગ્રાહી વીમા કવચ, એલટીસી, ૬૦ દિવસની વાર્ષિક અને ૨૦ દિવસની પરચુરણ રજા, હોદ્દા પ્રમાણે રાશન, કેન્ટીન અને ઓફિસર મેસ જેવા અઢળક લાભો મળી શકશે.

❑ **મહત્વની સૂચનાઓ :**

- ૨૫ વર્ષથી ઓછી વય ધરાવતા ઉમેદવારો અપરિણિત હોવા જરૂરી છે. તાલીમ દરમ્યાન લગ્નની છૂટ મળવાપાત્ર નથી. ૨૫ વર્ષથી વધુ ઉંમરવાળા પરીણિત ઉમેદવાર અરજી કરી શકે છે. પરંતુ, તાલીમ દરમ્યાન તેઓને પરીણિત તરીકે અલગ આવાસની સુવિધા મળી શકશે નહીં કે કુટુંબ સાથે રહી શકાશે નહીં.
- ઉમેદવારની ગુનાની આરોપસર ધરપકડ, દોષિત કે કસુરવાર પૂરવાર થયેલા ન હોવા જોઈએ.
- એરફોર્સ કોમન એડમિશન ટેસ્ટ માટે ઉપસ્થિત થતાં સમયે એડમીટ કાર્ડ સાથે કાયદેસરના ફોટો આઈ.ડી. જેવાં કે પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, વોટર આઈડેન્ટીટી કાર્ડ, કોલેજ આઈડેન્ટીટી કાર્ડ અથવા અન્ય માન્ય આઈ.ડી. પ્રુફ રજૂ કરવાનું રહેશે.
- AFCAT સંબંધી જરૂરી સૂચનાઓ ઉમેદવારોને તેઓના રજિસ્ટર્ડ ઈ-મેઈલ ઉપર આપવામાં આવશે.
- જરૂરી પૂછપરછ afcatcell@gmail.com ઉપરથી પણ મળી શકશે.

●

## ભારતીય હવાઈ દળ

# ગ્રુપ 'Y' (ટેકનિકલ) ટ્રેડસમાં એરમેનની ભરતી માટે સુરેન્દ્રનગર ખાતે ભરતી મેળો

❑ ભરતી મેળાની તારીખ : ૧૮-૦૧-૨૦૧૪ થી ૨૧-૦૧-૨૦૧૪

❑ **ભરતી મેળાનું સ્થળ :** જવાહર પોલીસ ગ્રાઉન્ડ, સુરેન્દ્રનગર **સમય :** સવારે ૭-૦૦ કલાકથી.

♦ **ઉમેદવારોએ ભરતીના સ્થળે સવારે ૧૦-૦૦ કલાક પહેલાં પ્રવેશ મેળવી લેવો.**

❑ **શૈક્ષણિક લાયકાત :** રાજ્ય/કેન્દ્ર સરકાર માન્ય બોર્ડમાંથી કોઈપણ શાખા/વિષયમાં ઈન્ટરમિડિએટ/૧૦+૨ અથવા સમકક્ષ પરીક્ષા કુલ વિષય મળીને ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે તથા અંગ્રેજી વિષયમાં ૫૦ ટકા ગુણ સાથે પાસ. અથવા ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી દ્વારા માન્ય ૧૦+૨ પધ્ધતિ મુજબ CBSE / સ્ટેટ એજ્યુકેશન બોર્ડ/કાઉન્સિલ દ્વારા આયોજીત બે વર્ષનો વોકેશનલ કોર્સ બધા વિષય સાથે ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે અને વોકેશનલ કોર્સમાં અંગ્રેજીમાં ૫૦ ટકા ગુણ સાથે પાસ. અથવા જો વોકેશનલ કોર્સમાં અંગ્રેજી વિષય ન હોય તો ઈન્ટર મિડિટ/મેટ્રિક્યુલેશનમાં અંગ્રેજી વિષય ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે પાસ.

❑ **વયમર્યાદા :** ઉમેદવાર તા. ૧-૨-૧૯૯૪ અને તા. ૩૧-૫-૧૯૯૭ (બંને દિવસો સહિત) વચ્ચે જન્મેલા હોવા જોઈએ.

❑ **કોણ ભાગ લઈ શકશે ? :** ભરૂચ, દાહોદ, ડાંગ, નર્મદા, પોરબંદર, સુરેન્દ્રનગર, તાપી , વલસાડ, કે.શા. પ્રદેશ દમણ અને દીવ,દાદરા નગર હવેલી વિસ્તારના માત્ર અપરિણીત પુરૂષ ઉમેદવારો જ ભાગ લઇ શકશે.

❑ **લઘુત્તમ ઉંચાઈ :** ૧૫૨.૫ સે.મી.

❑ આ ભરતી ગ્રૂપ 'વાય' ટ્રેડમાં ઓટો ટેક, **GTI/AF(P)** સિવાયના ટ્રેડ માટે યોજાશે.

❑ **લેખિત પરીક્ષા :** અંગ્રેજી, રીઝનીંગ અને જનરલ અવેરનેસ વિષયમાં લેખિત પરીક્ષા યોજાશે. ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ લેખીત પરીક્ષા માટે પૂર્વ તૈયારી કરીને આવે નમૂના માટેના પ્રશ્નપત્રો હવાઈ દળની વેબ સાઈટ **www.indianairforce.nic.in** ઉપરથી જોવા મળી શકશે.

❑ **ભરતીનો કાર્યક્રમ :**

❑ **તારીખ ૧૮-૧-૨૦૧૪ :** (ટેકનિકલ) ટ્રેડસ માટે લેખિત પરીક્ષા અને શારીરિક સુસજ્જતા કસોટી **(PFT)**

❑ **તા. ૧૯-૧-૨૦૧૪ :** લેખિત પરીક્ષા, **PFT** માં સફળ થયેલા ઉમેદવારોના ઈન્ટરવ્યૂ. ઈન્ટરવ્યૂમાં ક્વોલીફાય થયેલા ઉમેદવારોની તબીબી ચકાસણી.

❑ **તા. ૨૦-૦૧-૨૦૧૪ અને ૨૧-૦૧-૨૦૧૪ :** અનામત દિવસ રહેશે.

❑ **શારીરિક સુસજ્જતા કસોટી (PFT) :** PFTમાં પાસ થવું દરેક ઉમેદવાર માટે જરૂરી છે. PFTમાં ૮ મિનિટમાં ૧.૬ કિ.મી.ની દોડ યોજાશે. આ દોડ ૭.૩૦ મિનિટમાં પૂર્ણ કરનાર ઉમેદવારને વધારાના ગુણ આપવામાં આવશે. PFT માટે ઉમેદવારોએ પોતાના પી.ટી. શૂઝ, શોર્ટ સાથે લાવવાના રહેશે. PFT પહેલા ઉમેદવારે હળવો નાસ્તો કરવો.

❑ **તબીબી ધોરણ :**

**(a) Height :** Minimum acceptable height is 152.5 cm. **(b) Chest :** Minimum range of expansion 5 cm. **(c) Weight :** Proportionate to height and age.

**(d) Vision :**

**Trades :** Structure Filter, Propulsion Fitter, Workshop Fitter (Mechanical) & Workshop Fitter (Smith).

**Vasual Acuity : 6/36 each eye** correctable to **6/9 each eye.** Full field of vision.

**Maximum limits of Ref Error :** Hypermetropia + 3.50 D. Myopia - 3.5 D including Astigmatism.

**Colour vision :** CP-II/III

**Leg Length :** Not Applicable

**Trades :** Weapon Filter, Electrical Fitter, Electronic Fitter * Mechanical System Fitter & * Automobile Fitter.

**Vasual Acuity : 6/12 each eye** correctable to **6/6 each eye.** Full field of vision.

**Maximum limits of Ref Error :** Hypermetropia + 2.0 D. Myopia - 1D including + 0.5 D Astigmatism.

**Colour vision :** CP-II

**Leg Length :** *Minimum leg length required 99 cms.

**(e) Corneal Surgery** (PRK/LASIK) is not acceptable. **(f) Hearing :** candidate should have normal hearing i.e. able to hear forced whisper from a distance of 6 meters with each ear separately. **(g) Dental :** Should have healthy gums, good set of teeth and minimum 14 dental points. **(h) Health :** Candidate should be free from medical or surgical deformity. He should be free from all communicable diseases and skin ailments. Candidate must be physically and mentally FIT to perform duty in any part of the world, in any climate and terrain.

❑ **ઈન્ટરવ્યૂ/તબીબી પરીક્ષા :** લેખિત પરીક્ષા અને PFT પાસ કરનાર ઉમેદવારોને ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવશે. ઈન્ટરવ્યૂ અંગ્રેજી ભાષામાં થશે. વ્યવહારૂ અંગ્રેજી ભાષાની જાણકારી આવશ્યક છે.

♦ **તબીબી પરીક્ષણ :** ઈન્ટરવ્યૂમાં સફળ થયેલા ઉમેદવારોનું તબીબી પરીક્ષણ કરવામાં આવશે. તબીબી પરીક્ષણ એરફોર્સ મેડિકલ ટીમ દ્વારા હાથ ધરવામાં આવશે. જે ઉમેદવારો અનફીટ જાહેર થાય તેઓ નિયમોનુસાર અપીલ મેડિકલ બોર્ડનો આશ્રય લઇ શકશે.

♦ **સેવાનો ગાળો અને તાલીમ :** ઉમેદવારોને શરૂઆતમાં ૨૦ વર્ષના ગાળા માટે સેવાબધ્ધ કરવામાં આવશે જે ૫૭ વર્ષની વય સુધી લંબાવી શકાશે. શરૂઆતમાં ઉમેદવારોને બેઝિક ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ, બેલગામ, કર્ણાટક ખાતે ૧૨ સપ્તાહની જોઇન્ટ બેઝિક ફેઝ ટ્રેનિંગ **(JBPT)** માટે મોકલવામાં આવશે. **JBPT** સફળતાપૂર્વક સંપન્ન કરનાર ઉમેદવારને ત્યારબાદ નિયત ટ્રેડની ફાળવણી કરીને નિર્ધારીત સમય માટે ટ્રેડ ટ્રેનિંગ માટે મોકલવામાં આવશે. આમ છતાં, તાલીમ સમય દરમ્યાન શૈક્ષણિક, વ્યવસાયિક, શારીરિક ફીટનેસ, શિસ્તના ધોરણે નિયત ધોરણો પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જનાર ઉમેદવારોને સેવામાંથી છૂટા કરી શકાશે. તાલીમ સફળતાપૂર્વક સંપન્ન કરનાર ઉમેદવારને ત્યારબાદ તેઓના નિયત ટ્રેડ મુજબ ગ્રાઉન્ડ બેઝ ફરજો સોંપવામાં આવશે.

♦ **પગાર ભથ્થાં :** તાલીમ દરમ્યાન ઉમેદવારને પ્રતિ માસ રૂ. ૮૫૫૦ સ્ટાઈપેન્ડ મળવાપાત્ર છે. તાલીમ પૂર્ણ થયે ઉમેદવારને લઘુતમ પગારધોરણમાં મોંઘવારી ભથ્થુ અને અન્ય ભથ્થા મળીને કુલ રૂ. ૨૧,૪૧૪ પ્રતિ માસ મળી શકશે. ત્યારબાદના તુરતના વર્ષે તેમાં છઠ્ઠા પગારપંચ મુજબ વધારો થઈને રૂ. ૩૭,૭૮૮ મળવાપાત્ર થશે. અન્ય ભથ્થા જેવાં કે, ટ્રાન્સપોર્ટ, વ્યક્તિગત નિર્વાહ માટે કંમ્પોઝાઇટ ભથ્થુ, ફેમિલી પ્લાનીંગ એલાઉન્સ, એચઆરએ અને અન્ય ભથ્થા મળી શકશે. તદ્ઉપરાંત રજાપ્રવાસ રાહત, તબીબી સારવાર, રાશન, કપડાં, કેન્ટીન સુવિધા, હક્ક રજા/પરચુરણ રજા, બાળકો માટે શિક્ષણ સહાય, કલ્યાણ સુવિધાઓ, બાળકો માટે સ્કૂલ વાહનની સુવિધા જેવા અનેક લાભો મળવાપાત્ર છે. નિવૃતિ બાદના લાભો જેવાં કે, પેન્શન, એક્સ સર્વિસમેન કન્ટ્રીબ્યુટરી હેલ્થ સ્કીમ, ગ્રેજ્યુઈટી, રજાનું રોકડમાં રૂપાંતર વગેરે લાભો મળી શકશે.

❑ **ભરતી મેળામાં ઉપસ્થિત થતી વેળાએ ઉમેદવારોએ નીચે દર્શાવેલ પ્રમાણપત્રો સાથે લાવવા.**

♦ તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝના **સાત કલર ફોટોગ્રાફ્સ.** ફોટા આગળની બાજુ દેખાય તેમ અને ટોપી પહેર્યા વિનાના હોવા જોઈએ.

♦ ૨૬×૧૨ સે.મી. સાઈઝના સ્વયંના સરનામા લખેલ ટપાલ ટિકિટ વિનાના બે પરબીડિયા.

♦ મેટ્રિક્યુલેશન પાસ કર્યા અંગેનું બોર્ડનું પ્રમાણપત્ર અસલમાં અને ત્રણ ઝેરોક્ષ.

♦ ઈન્ટર મિડિયેટ/ડિપ્લોમા માર્કશીટની અસલ નકલ અને બોર્ડનું અસલ પ્રમાણપત્ર તેમજ દરેકની ત્રણ ઝેરોક્ષ.

♦ એન.સી.સી. પ્રમાણપત્ર જો હોય તો અસલ પ્રમાણપત્ર અને તેની ત્રણ ઝેરોક્ષ.

♦ જો ઉમેદવારે અસલ પ્રમાણપત્રો કોલેજ /યુનિ.માં જમા કરાવ્યા હોય તો તે કોલેજ/યુનિ.નું એવું પ્રમાણપત્ર લાવવું કે જેમાં જણાવ્યું હોય કે ડોક્યુમેન્ટ તેમની પાસે છે.

♦ રહેવાસ અંગેનું ડીએમ/એડીએમ/એક્ઝિ. મેજીસ્ટ્રેટ અથવા ગુજરાત સરકાર દ્વારા અધિકૃત સક્ષમ અધિકારી દ્વારા અપાયેલું ડોમીસાઈલ પ્રમાણપત્ર.

♦ જે ઉમેદવારો ૧૮ વર્ષથી ઓછી વય ધરાવતા હોય તેમણે તેમના માતા-પિતા/વાલી દ્વારા સહી કરી આપેલ સંમતિ પ્રમાણપત્ર. તેનો નમૂનો નીચે જણાવેલ છે.

♦ ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે ભરતી મેળામાં ઉપસ્થિત થતા પૂર્વે તેઓના કાનમાંથી મેલ દૂર કરાવી દે તેમજ દાંત ચોખ્ખા કરાવી લે. જે ઉમેદવારો નિયમિત ચશ્મા પહેરતા હોય તેમણે આંખના નિષ્ણાત તબીબ પાસેથી મેળવેલ લેટેસ્ટ પ્રિસ્ક્રિપ્શન રજૂ કરવું.

♦ **ઓલ ઇન્ડિયા સિલેક્ટ લિસ્ટ (AISL) :** ઓલ ઇન્ડિયા સિલેક્ટ લિસ્ટ ૬, એરમેન સિલેકશન સેન્ટર, એરફોર્સ સ્ટેશન કોટન ગ્રિન, મુંબઈ ખાતે પ્રસિધ્ધ કરવામાં આવશે. તેની કોપી સુરેન્દ્રનગરના જિલ્લા ન્યાયાધિશને એરમેન સિલેકશન સેન્ટર દ્વારા પહોંચાડવામાં આવશે. જે એરફોર્સની વેબસાઇટ **www.indianairforce.nic.in** ઉપર પણ મૂકવામાં આવશે.

♦ **ભરતી મેળા સંબંધી વધુ જાણકારી માટે કમાન્ડિંગ ઓફિસર, ૬, એરમેન સિલેકશન સેન્ટર, કોટનગ્રીન, મુંબઈ-૪૦૦ ૦૩૩નો ફોન નં. ૦૨૨-૨૩૭૧૪૯૮૨ (એક્ષ્ટેન્શન નંબર-૨૫૧) ઉપર સોમથી શુક્ર દરમ્યાન સવારે ૭.૩૦ થી બપોરે ૨.૩૦ સુધામાં સંપર્ક કરવો. અથવા વેબસાઈટ www.indianairforce.nic.in જોવી.**

### CONSENT FORM

**(Applicable in respect of candidates both above and below 18 years of age)**

**(To be produced before Physical Fitness Test)**

I.......................................................... son/father/guardian of ......................... whose date of birth is ......................... do hereby give my consent for my self/son/ward to appear in the physical/medical tests, as per prescribed for selection in the Indian Air Force, at my/his own risk. I am aware that no compensation in any form shall be claimed in respect of injuries if any, sustained by my self/son/ward, during such test.

Signature..........................................................

Name of Candidate/Parent/Guardian................

Relationship with the candidate.......................

Date : ..................

(અનુસંધાન પાન નંબર ૨ ઉપર)

# બોર્ડર સિક્યૂરિટી ફોર્સ (BSF)

## કોન્સ્ટેબલ/આસિ. સબ ઈન્સ્પેક્ટરની ભરતી

**અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૧૧-૧-૨૦૧૪**

**ભારતીય પુરૂષ/મહિલા નાગરિકો પાસેથી કોન્સ્ટેબલ (ડેફ્ટ્રી) હેડ કોન્સ્ટેબલ (મિનીસ્ટીરીયલ) અને આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (સ્ટેનોગ્રાફર) તરીકેની નિમણૂક માટે અરજીઓ મંગાવામાં આવે છે.**

❑ જગાની વિગત : ❑ જગાની કુલ સંખ્યા : ૧૯૬

**For the post of ASI (Steno)**

| Categry | Direct Entry | Departmental | Total |
|---|---|---|---|
| General | 03 | -- | 03 |
| SC | 03 | -- | 03 |
| ST | 11 | 02 | 13 |
| OBC | 05 | 01 | 06 |
| Total | 22 | 03 | 25 |

**For the post of HC (Min)**

| Categry | Direct Entry | Departmental | Total |
|---|---|---|---|
| General | 03 | 01 | 04 |
| SC | 38 | 07 | 45 |
| ST | 20 | 04 | 24 |
| OBC | 72 | 14 | 86 |
| Total | 133 | 26 | 159 |

**For the post of CT (Daftary)**

| Categry | Direct Entry | Total |
|---|---|---|
| General | -- | -- |
| SC | 03 | 03 |
| ST | 03 | 03 |
| OBC | 06 | 06 |
| Total | 12 | 12 |

❑ **પગારધોરણ :** કોન્સ્ટેબલ (ડેફ્ટ્રી) માટે પગાર ધોરણ રૂ. ૫૨૦૦-૨૦,૨૦૦ + રૂ. ૨૦૦૦ ગ્રેડ પે. હેડ કોન્સ્ટેબલ (મિનીસ્ટીરીયલ) માટે પગાર ધોરણ રૂા. ૫૨૦૦-૨૦૨૦૦+રૂા. ૨૪૦૦ ગ્રેડ પે. આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (સ્ટેનોગ્રાફર) માટે રૂા. ૫૨૦૦-૨૦,૨૦૦ +રૂા. ૨૮૦૦ ગ્રેડ પે. **અન્ય લાભો :** કેન્દ્ર સરકારના કર્મચારીઓને મળતાં મોંઘવારી ભથ્થાં, અન્ય ભથ્થાં, રજા પ્રવાસ રાહત, તબીબી સારવાર મળવાપાત્ર છે. તદ્ ઉપરાંત, દળના સભ્યોને ભાડામુક્ત આવાસ સુવિધા, રેશન મની અથવા મફત રેશન મળી શકશે. ૨૦૦૩ બાદ નવી નિમણૂક મેળવનાર દળના સભ્યને નવી પેન્શન યોજના હેઠળ સમાવી લેવામાં આવશે. (સેન્ટ્રલ સિવિલ સર્વિસીસ-એક્સ્ટ્રા ઓર્ડિનરી પેન્શન સુધારણા નિયમો-૨૦૦૩).

❑ **યોગ્યતાના ધોરણ :**

❑ **શૈક્ષણિક લાયકાત :** (એ.એસ.આઈ./હેડ કોન્સ્ટેબલ માટે) માન્ય બોર્ડ /યુનિવર્સિટીમાંથી સિનિયર સેકન્ડરી સ્કૂલ સર્ટિફિકેટ (૧૦+૨) એટલે કે ધો. ૧૨ પાસ અથવા ઈન્ટરમીડીએટ અથવા તેને સમકક્ષ પરીક્ષા પાસ અથવા મેટ્રિક્યુલેશન સાથે માન્ય ટેકનિકલ એજ્યુકેશન બોર્ડમાંથી સેક્રેટરીયલ પ્રેક્ટીસ અથવા મોર્ડન ઓફિસ પ્રેક્ટીસ અથવા કોમર્શીયલ પ્રેક્ટીસનો ત્રણ વર્ષનો ડિપ્લોમા. **કોન્સ્ટેબલ (ડેફ્ટ્રી) માટે :** માન્ય બોર્ડ/ સંસ્થામાંથી મેટ્રિક્યુલેશન અથા તેને સમકક્ષ.

♦ **આ. સબ. ઈન્સ્પેક્ટર (સ્ટેનો) માટે :** ટાઈપીંગ/શોર્ટ હેન્ડ સ્પીડ : ૧૦ મિનિટમાં હિન્દી અથવા અંગ્રેજીમાં પ્રતિ મિનિટ ૭૦ શબ્દોની, શોર્ટહેન્ડની ઝડપ. કોમ્પ્યુટર ઉપર અંગ્રેજીમાં ૬૦ મિનિટમાં ટ્રાન્સક્રાઈબ ઓફ ડિક્ટેશનની તથા હિન્દીમાં ૭૫ મિનિટમાં ટ્રાન્સક્રાઈબ ઓફ ડિક્ટેશનની ઝડપ.

♦ **હેડ કોન્સ્ટેબલ માટે :** કોમ્પ્યુટર ઉપર અંગ્રેજીમાં પ્રતિ મિનિટ ૩૦ શબ્દોની અને હિન્દીમાં પ્રતિ મિનિટ ૨૫ શબ્દોની ટાઈપીંગ સ્પીડ.

♦ કોન્સ્ટેબલ (ડેફ્ટ્રી) માટે ટેકનિકલ ટેસ્ટ જરૂરી નથી.

❑ **શારીરિક ધોરણ : (પુરૂષ ઉમેદવારો માટે)**

ઊંચાઈ-૧૬૫ સે.મી., છાતીનું માપ-૭૭-૮૨ સે.મી. તથા ઊંચાઈને અનુરૂપ સપ્રમાણ વજન હોવું જોઈએ.

♦ **મહિલા ઉમેદવારો માટે :**

ઊંચાઈ-૧૫૭ સે.મી., તથા ઊંચાઈને અનુરૂપ સપ્રમાણ વજન હોવું જોઈએ.

♦ **શારીરિક ધોરણ :** કોન્સ્ટેબલ (ડેફ્ટ્રી) માટે : પુરૂષ ઉમેદવારો માટે ૧૬૭.૫ સેમી. ઊંચાઇ, છાતીનું માપ ૮૦-૮૫ સે.મી. તથા ઊંચાઇને અનુરૂપ સપ્રમાણ વજન હોવું જોઇએ. મહિલા ઉમેદવારો માટે ઊંચાઇ-૧૫૭ સે.મી. તથા સપ્રમાણ વજન.

♦ ઊંચાઈ, છાતીના માપમાં આદિવાસી વિસ્તારો, પહાડી વિસ્તારો તથા ઉત્તર-પૂર્વ રાજ્યના ઉમેદવારોને નિયમોનુસાર છૂટ મળી શકશે.

❑ **વયમર્યાદા :** સ્ટેનો, મિનિસ્ટીરીયલ માટે, તા. ૧-૧-૨૦૧૪ ના રોજ અને ડેફ્ટ્રી માટે તા. ૧૧-૧-૨૦૧૪ના રોજ ૧૮ વર્ષથી ઓછી અને ૨૫ વર્ષથી વધુ ઉંમર હોવી જોઈએ નહિ.

♦ અ.જા./અ.જ.જા. સહિત સરકારી કર્મચારીઓને ઉપલી વય મર્યાદામાં પાંચ વર્ષ, અ.પ.વ. ના ઉમેદવારોને ત્રણ વર્ષની છૂટ ઉપલી વય મર્યાદામાં મળી શકશે.

♦ સ્ટેનો/મીનીસ્ટીરીયલ જગ્યાઓ માટે બી.એસ.એફ. ના જવાનો કે જેમને સતત ત્રણ વર્ષની નોકરી પૂર્ણ કરી હોય તે પૈકી સામાન્ય વર્ગને ૪૦ વર્ષ, અ.જ./અ.જ.જા. વર્ગને ૪૫ વર્ષ અને અ.પ.વ.ને ૪૩ વર્ષની વય સુધીની છૂટ મળી શકશે.

♦ ૧૯૮૪ અને ૨૦૦૧ના રમખાણોમાં માર્યા ગયેલા ઈસમોના બાળકો અને આશ્રિતોને મહત્તમ વયમાં પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર છે. તે માટે જિલ્લા કલેક્ટર દ્વારા આપવામાં આવેલું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. અનામત વર્ગના ઉમેદવારોને મળવાપાત્ર છૂટછાટ વધારાની ગણાશે.

♦ વિધવા, છૂટાછેડા લીધેલ તેમજ પોતાના પતિથી કાયદેસર અલગ રહેતી અને પુનઃ લગ્ન ન કર્યા હોય તેવી મહિલાઓ પૈકી સામાન્ય વર્ગને ૩૫ વર્ષ, અ.પ.વ. ને ૩૮ વર્ષ તથા અ.જા./અ.જ.જા. વર્ગની મહિલાને ૪૦ વર્ષની વય સુધીની છૂટ મળી શકશે.

❑ **અરજી ફોર્મ, ફી અને પરીક્ષા કેન્દ્રો :**

♦ અરજી ફોર્મનો નમૂનો જાહેરાતમાં આપવામાં આવેલ છે.

♦ દરેક અરજી સાથે રૂા. ૫૦ની કિંમતનો ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા પોસ્ટલ ઓર્ડર અરજી ફી રૂપે અરજી જ્યાં મોકલવાની હોય ત્યાંના સત્તાધીશની તરફેણમાં લખાયેલો (દા.ત. ગુજરાતના ઉમેદવારોએ The Inspector General, FTR HQ BSF, Gandhinagar ના નામનો લખવો તથા ગાંધીનગર એસ.બી.આઈ. GC-CRPF Code-6825 તથા પોસ્ટલ ઓર્ડર જી.પી.ઓ. ગાંધીનગર ખાતે ચૂકવવાપાત્ર મોકલવો)

♦ અ.જા./અજ.જા./બી.એસ.એફ.ના જવાનોએ તથા મહિલા ઉમેદવારોએ અરજી ફી ચૂકવવાની નથી.

♦ બી.એસ.એફ. ના જવાનોએ યોગ્ય રાહે અરજી કરવાની રહેશે.

❑ **પરીક્ષા કેન્દ્ર અને અરજી મોકલવાનું સરનામું :**

ગુજરાતના ઉમેદવારોએ ગાંધીનગર (સેન્ટર કોડ નંબર-૧૫) કેન્દ્ર પસંદ કરી અરજીઓ **The Inspector General, FTR HQ BSF PO CRPF Group Centre, Chiloda Road, Gandhinagar Pin-382042** ખાતે મોકલી આપવી.

♦ અન્ય પરીક્ષા કેન્દ્રોની વિગતો માટે વેબસાઈટ **www.bsf.nic.in** જોવી

❑ **પસંદગીની પ્રક્રિયા :** પસંદગી પ્રક્રિયા બે ભાગમાં યોજાશે.

♦ **પ્રથમ તબક્કો :** લેખિત પરીક્ષા

♦ **બીજો તબક્કો :** શારીરિક ચકાસણી, ટાઈપીંગ સ્પીડ ટેસ્ટ, (હેડ કોન્સ્ટેબલ માટે), શોર્ટ હેન્ડ ટેસ્ટ (માત્ર આ.સબ. ઈન્સ્પેક્ટર માટે), પ્રમાણપત્રોની ખરાઈ, તબીબી પરીક્ષણ

♦ બંને તબક્કા વચ્ચે સારો એવો સમય રહેશે.

♦ **તબક્કો ૧ : લેખિત પરીક્ષા :**

લેખિત પરીક્ષા જે તે સિલેકશન સેન્ટર ખાતે કઈ તારીખે અને સમયે યોજાશે તે હેડ ક્વાર્ટસ DG BSF નક્કી કરશે અને યોગ્યતા ધરાવતા ઉમેદવારોને તેની જાણ કરવામાં આવશે.

♦ લેખિત પરીક્ષા પાંચ ભાગમાં રહેશે. ભાગ-૧, હિન્દી/અંગ્રેજી ભાષા (૨૦ ગુણ), ભાગ-૨, જનરલ ઈન્ટેલિજન્સ (૨૦ ગુણ), ભાગ-૩, ન્યુમેરિકલ એપ્ટિટ્યૂટ (૨૦ ગુણ), ભાગ-૪, કલેરિકલ એપ્ટિટ્યૂટ (૨૦ ગુણ), ભાગ-૫, બેઝિક કોમ્પ્યુટર નોલેજ (૨૦ ગુણ)

♦ ઉપરની પાંચેય કસોટી માટે એક સંયુક્ત પેપર રહેશે. સમય ૧.૪૦ કલાકનો રહેશે. પ્રશ્નો હેતુલક્ષી પ્રકારના વિકલ્પ આધારિત રહેશે. પ્રશ્નો હિન્દી અને અંગ્રેજીમાં રહેશે. જવાબો OMR ઉત્તર પુસ્તિકામાં આપવાના રહેશે.

♦ **તબક્કો ૨ :** લેખિત પરીક્ષામાં સફળ થયેલા ઉમેદવારને બીજા તબક્કાની પસંદગી પ્રક્રિયા માટે બોલાવવામાં આવશે.

♦ શારીરિક ચકાસણીમાં લાયક પૂરવાર થયેલા ઉમેદવારોને જ ત્યારબાદ ટાઈપીંગ, (હે.કો. મિનિ. માટે), સ્ટેનોગ્રાફી સ્પીડ ટેસ્ટ (આ. સબ ઈન્સ્પેક્ટર માટે) બોલાવવામાં આવશે. આ કસોટી ક્વોલીફાય માટે જ છે. તેમાં અલગથી ક્વોલીફાય થવાનું રહેશે.

♦ **ડોક્યુમેન્ટેશન :** (પ્રમાણપત્રોની ખરાઇ) ઉમેદવારોએ ઊંમરની ખરાઇ, શૈક્ષણિક લાયકાત, જાત અને અન્ય જરૂરી પ્રમાણપત્રોની અસલ નકલો રજૂ કરવાની રહેશે.

♦ **તબીબી પરીક્ષણ :** વિવિધ ટેસ્ટમાં લઘુત્તમ ક્વોલીફાઈંગ માર્કસ મેળવશે તો તેઓને બી.એસ.એફ. ના નિર્ધારીત માપદંડ મુજબ ફીટનેસ ચકાસવા તબીબી પરીક્ષણ કરવામાં આવશે. ટેસ્ટ પૂર્ણ થયા બાદ તે જ સ્થળે તુરંત જ તબીબી પરીક્ષણ હાથ ધરવામાં આવશે. તબીબી પરીક્ષણની માન્યતા એક વર્ષ સુધી જ રહેશે.

❑ **સામાન્ય સૂચના :**

♦ ઉમેદવારે અરજી ફોર્મ સ્વયંના હસ્તાક્ષરમાં/ટાઈપ કરાવીને ભરવું. કોઈપણ છેકછાક હોય તો તેના ઉપર ઉમેદવારે સહી કરવી.

♦ અરજી મોકલવાના કવર પર **Application for the Post of Assistant Sub Inspector (Stenographer અથવા 'Head Constable (Ministerial) અથવા Constable (Daftary) in Border Security Force-2013-14'** લખવું

♦ ત્રણેય જગ્યાઓ માટે અરજી કરવા ઈચ્છતા ઉમેદવારોએ તે માટે અલગ અલગ અરજી કરવી.

♦ સરકારી કર્મચારીઓએ ઈન્ટરવ્યૂ સમયે 'ના વાંધા પ્રમાણપત્ર' રજૂ કરવું જરૂરી છે.

❑ **બિડાણો :** શૈક્ષણિક લાયકાતની સાબીતી માટે શૈક્ષણિક પ્રમાણપત્રોની નકલ

● જાતિના દાખલાની નકલ

● બી.એસ.એફ./સરકારી કર્મચારીઓ માટે 'ના વાંધા પ્રમાણપત્ર'ની નકલ

● બી.એસ.એફ. ના જવાનો માટે સર્વિસ સર્ટિફિકેટ અને ડિસ્ક-વિજિલન્સ કલીયરન્સ સર્ટિફિકેટની નકલ

● તાજેતરમાં પડાવેલા પાસપોર્ટ સાઇઝના ત્રણ ફોટા ગેઝેટેડ અધિકારી દ્વારા પ્રમાણીત કરાવવા. જે પૈકી એક અરજી ફોર્મમાં, એક એડમીટ કાર્ડમાં ચોંટાડવો, જ્યારે ત્રીજો ફોટો અરજી સાથે બીડવો.

● પોતાના સરનામા લખેલ ૨૫ સે.મી.x ૧૨ સે.મી. સાઈઝના બે કવર દરેકની ઉપર રૂા. ૨૭ની ટપાલ ટિકિટ ચોંટાડી બીડવા.

● અરજી ફી માટે ડી.ડી./પોસ્ટલ ઓર્ડર

● એકસ સર્વિસમેન માટે ડિસ્ચાજ સર્ટિફિકેટ

**કમાન્ડન્ટ (રિક્રૂટમેન્ટ)**

➔

Appendix 'A'

**Application For the Post ASI (Steno.)**
**Head Constable (Ministarial) & Constable (Daftary) in Border Security Force-2013-14**

Roll Number ______

Registration No. ______ **For office use only**

(This form should be filled in by the candidate in his own handwriting neatly and legibly in block capitals, it should be completed in all respects and should be accompanied by certified copies of testimonials.)

Details of examination fee :-

IPO/DD No. with date ______

Amount :- ______

Payable at ______

Paste here a copy of your recent passport size photograph (Approx 3.5x4.5 Cms) duly attested by a GO

Signature of Candicate

1. Applying for the post tee (tick (✓) as applicable)

| | DE | DEPT |
|---|---|---|
| (a) ASI (Steno) | | |
| (b) HC (Min) | | |
| (c) CT (Daftary) | | |

2. Full name (in block letters) : ______
3. Father's name and occupation : ______
4. Sex (Male/Female) : ______
5. Present Postal Address : (with Telephone/Mob. No.) ______
6. Present Postal Address : (with Telephone/Mob. No.) ______
7. Nationality : ______
8. State : ______
9. Name of Centre Opted : ______
10. Date of birth (in Christian era, certified copy of Matriculation/SSLC in support of age) :
    DD MM YY
11. In case you clain age relexation, mentain the category i.e. SC/ST/OBC/Govt. Servant/Deptt. Window/divorced women, resident of J&K, Victim of riots of 1984/Gujarat-2002, Ex-serviceman, etc. ______
12. Category : | GEN | SC | ST | OBC |
    (tick (✓) as applicable)
    (Copy of certificate to be enclosed)
13. Educational qualification : ______
14. Particulars of present employment if any with Post and Service Number/Name of Department etc.
15. Personal marks of Identification : ______

**Declaration**

